સ. મ. પ્રે. ગાં. (એચ)-૭૭૮-(૯૪-૯૫)- ૨૦૦૦—૧૦—૧૯૯૪.

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે રાજ્ય સરકારની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવર્તમાન અનામતની ટકાવારીમાં વધારો કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

## સમાજ કલ્યાણ વિભાગ

**ઠરાવ ક્રમાંક : સશય—૪૩૯૪—૧૯૧—અ**

**સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૪.**

**વંચાણે લીધા :**

૧. મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧--૪--૭૮ના ઠરાવ ક્રમાંક : બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯--૫--૭૮ના ઠરાવ ક્રમાંક એસઈબી/૧૦૭૮/૩૧૪૩/ક.

૩. ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયના તારીખ ૧૩–૮–૯૦ના ઓફીસ મેમોરેન્ડમ નંબર ૩૬૦૧૨/૩૧/૯૦ એસ્ટા. (એ સ સી. ટી.)

૪. ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયના ઓફીસ મેમોરેન્ડમ નં. ૩૬૦૧૨/૩૧/૯૯-એસ્ટા (એસસીટી) તા. ૨૫--૯--૯૧.

૫. ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયના ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક : ૩૬૦૧૨/૨૨/૯૩/એસ્ટા (એસસીટી) તા. ૮--૯--૯૩.

૬. ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના ઠરાવ ક્રમાંક : ૧૨૦૧૧/૬૮/બીસીસી(સી) તા. ૧૦/૯/૯૩.

**ઠરાવ**

રાજય સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેના બક્ષીપંચની ભલામણો સ્વીકારીને વંચાણમાં લીધેલા ક્ર : ૧ સામે જણાવેલ તા. ૧—૪—૭૮ના ઠરાવથી જરૂરી હુકમો કર્યા છે. તે પ્રમાણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે સરકારી નોકરીઓમાં ભરતીના તબકકે વર્ગ--૧ અને વર્ગ-૨ની જગ્યાઓમાં ૫ ટકા અને વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓમાં ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ હાલ અસ્તિત્વમાં છે. રાજયના વૈધાનિક મંડળો/નિગમો અને જાહેર સાહસોને પણ આ પ્રમાણેની અનામતની ટકાવારીના હુકમો લાગુ પાડવામાં આવ્યા છે. આ સાથે રાજયમાં તબીબી, ઈજનેરી, દંત ચિકિત્સા, પૂર્વ તબીબી, ટેકનીકલ ખેતી અને પશુ ચિકિત્સા માટેની શૈક્ષણિક કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પણ ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલી છે. અને આ પ્રમાણેના હુકમો પણ સંબંધિત વહીવટી વિભાગો દ્વારા કરવામાં આવેલા છે અને તે મુજબની અનામતની પ્રથા અત્યારે અમલમાં છે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના ઉત્કર્ષ માટે ભલામણો કરવા શ્રી બી. પી. માંડલના અધ્યક્ષપણા હેઠળ ભારત સરકારે નીમેલા કમિશને ભારત સરકારને પોતાનો અહેવાલ રજુ કર્યો હતો. જેમાં કરવામાં આવેલી ભલામણો પ્રમાણે કેન્દ્ર સરકારે ઉપર ક્ર. : ૨ અને ૩ પર જણાવેલા ભારત સરકારના અનુક્રમે તા. ૧૩--૮--૯૦ અને તા. ૨૫--૯--૯૧ના હુકમો હેઠળ ભારત સરકાર હેઠળની મુલ્કી સેવાઓ અને જગાઓમાં ૨૭ ટકા જગ્યાઓ સીધી ભરતીમાં અનામત રાખવાના હુકમો કર્યા હતા. આ હુકમો ઉપર સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદા મુજબ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સરકારી નોકરીઓમાં ૨૭ ટકાની જગ્યાઓ અનામત રાખવાના ભારત સરકારના હુકમોને માન્ય રાખ્યા છે અને આથી ભારત સરકારની નોકરીઓમાં સીધી ભરતીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે વંચાણમાં લીધેલા અનુક્રમે નંબર ૬ પર જણાવેલા ભારત સરકારના [ તા. ૧૦—૯—૯૩ના ઠરાવથી ૨૭ ટકા જગ્યાઓ અનામત રાખવાનું ધોરણ ભારત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

૩. ઉપર મુજબની તમામ બાબતોને ધ્યાનમાં લઈને રાજય સરકારે ગુજરાત સરકારની નોકરીઓમાં પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે અનામતની પ્રવર્તમાન ટકાવારી સુધારીને સીધી ભરતીથી થતી નિમણૂકોમાં હવે ૨૭ ટકા રાખવાનું નક્કી કર્યું છે અને તે મુજબ રાજય સરકારની નોકરીઓમાં તા. ૧--૫--૯૪ પછી શરૂ થતી સીધી ભરતીની નિમણૂંકોમાં વર્ગ—૧, ૨, ૩ અને ૪ની સરકારી જગાઓ અને સેવાઓમાં ૨૭ ટકા જગ્યાઓ અનામત ઓપન મેરીટ સહિત રાખવાનું ધોરણ લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

૪. રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશના તબકકે તા. ૧--૫--૯૪ પછી શરૂ થતાં સત્રમાં ઈજનેરી, તબીબી દંતચિકિત્સા કોલેજોમાં પ્રવેશ માટે આ વર્ગોના/જાતિઓના માટે રાખવામાં આવેલી પ્રવર્તમાન ૧૦ ટકાનું અનામતનું ધોરણ સુધારીને હવે ૨૭ ટકા જગ્યાઓ અનામત રાખવા સરકારે ઠરાવ્યું છે અને તે મુજબ આ હુકમોનો અમલ તા. ૧--૫--૯૪ થી શરૂ થતાં સત્રમાં પ્રવેશ માટે કરવાનો રહેશે. આમ થતાં હાલની બિન પછાત વિદ્યાર્થીઓની બેઠકોમાં ઘટાડો ન થાય તે માટે દરેક કોલેજોમાં સંખ્યાધિક જગ્યાઓ ઉભી કરીને (૧૭ ટકા વધુ લાભ આપવા માટે) તે જગ્યાઓ સામે વધારાની સંખ્યામાં પ્રવેશ મળવાપાત્ર થતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને પ્રવેશ આપવાનું પણ આથી ઠરાવવામાં આવે છે.

૫. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તરીકે રાજ્યે જાહેર કરેલ જાતિઓ/વર્ગો (બક્ષીપંચની જાતિઓ) પૈકીના સામાજિક અને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરેલ હોય તેવી ઉન્નત પછાતવર્ગની વ્યકિતઓને અનામતના લાભોમાંથી સુપ્રિમ કોર્ટના ચુકાદા અનુસાર બાકાત રાખવા અંગેના હુકમો અલગ રીતે કરવામાં આવી રહયા છે.

૬. વંચાણમાં લીધેલા તા. ૧--૪--૭૮ના ઠરાવથી જે જાતિઓને રાજ્ય સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ તરીકે જાહેર કરી છે તેમા વખતો વખત જે સુધારા વધારા કરવામાં આવ્યા છે તે તથા હવે પછી જે સુધારા વધારા કરવામાં આવે તેને આધિન રહીને આવી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વ્યકિતઓને ઉપર મુજબના અનામતના લાભો મળી શકશે.

૭. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને/જાતિઓને ઉપર મુજબના અનામતના લાભો આપવા માટેના આ નીતિ વિષય નિર્ણયોને અમલમાં મુકવા વિગતવાર આનુષાંગિક હુકમો સરકારના સંબંધિત વિભાગોએ સત્વરે બહાર પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી. સી. એ. રંગદુરાઈ
અધિક મુખ્ય સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

---

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
* મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના અન્ય વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.
* અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, અમદાવાદ.
* રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ તથા કોર્પોરેશનો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે ખાતાના વડાઓ.
વિભાગની તમામ શાખાઓ.
સિલેકટ ફાઈલ.

---

* પત્ર દ્વારા.